सत्यमेव जयते

## ધનસુરાનાં મહેરબાન જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ,મુ.ધનસુરા.

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૦/ ૦૫/૨૦૨૨ | | |
| દાખલ તારીખ | ૧૦/૦૫/૨૦૨૨ | | |
| ફેસલ તારીખ | ૦૧/૦૫/૨૦૨૬ | | |
| | વર્ષ | મહીના | દીવસ |
| | | | |

**ફોજદારી કેસ નંબર– ૨૩૫/૨૦૨૨**
**આંક:–**

**ગુજરાત રાજય (શ્રી સરકાર)**

**વિરુધ્ધ**

**(૧) કુશલસિંગ ઉર્ફે કુશલકુમાર સ/ઓ ભિષણદાસ ગુપ્તા (બનીયા)**
**રહે. તેરની,ચીગલા કલગ સનેત્તર તા. રામનગર જી. ઉધમપુર (જમ્મુ).**

**આરોપ :–** ભારતીય ફોજદારી ધારાની કલમ– ૨૭૯,૩૦૪(અ),૩૩૭
તથા મો. વિ. એકટની કલમ– ૧૭૭,૧૮૪,૧૩૪(બી), મુજબ

**ફરીયાદ પક્ષે:– વિ.એપીપીશ્રી.ડી.ડી.પટેલ.**
**બચાવપક્ષે :– વિ.વ.શ્રી.**

## ::–ચુકાદો–::

### (૧) કેસની ટૂંકી હકીકત :–

ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત જોઈએ તો, ફરિયાદી સોમાભાઈ કરમશીભાઈ પટેલઓએ, તા. ૦૩/૦૯/૨૦૨૦ ના રોજ એ મતલબની ફરીયાદ હકીકત જાહેર કરેલ કે, આ કામના આરોપીએ તા.૦૩/૦૯/૨૦૨૦ ના રોજ કલાક.૦૯/૦૦ વાગે બાયડ થી ધનસુરા જતા હાઈવે રોડ ઉપર મોજે ખેડા ગામની સીમમાં પોતાના કબ્જાની ટ્રક કન્ટેઈનર નંબર એચ.આર.૬૬.બી.૭૭૦૪ ની પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતેથી હંકારી રોક ઉપર હીરો હોન્ડા મોટર સા.નં જી.જે.૯.એ.ઈ.૨૫ ને પાછળથી ટક્કર મારતા મો.સા. ચાલક જગદીશભાઈ મગનભાઈ પટેલ ઉ.વ.૫૧ નાઓને શરીરે ગંભીર ઈજાઓ કરતા સારવાર દરમ્યાન મોત નીપજેલ તેમજ ચાલતા જતા સાહેદ આશાબેન રમેશભાઈ પરમાર તથા સાહેદ દોલીબેન બચુભાઈ પરમારનાઓને અડફેટમા લઈ શરીરે ઓછાવત્તી ઈજાઓ કરી ગુન્હો કરી પોતામી ટ્રક કન્ટેઈનર મુકી નાસી ગયેલ જે તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ ગુન્હો કરેલ. જે બનાવ અંગે ફરીયાદ આપેલ. જેના અનુસંધાને ધનસુરા પોલીસ સ્ટેશન ગુ.ર.નં– ૧૧૧ ૮૮૦૦૪૨૦૦૮૧૩/૨૦૨૦ થી ગુન્હો રજીસ્ટર થયેલ અને તપાસના અંતે તપાસ કરનાર અમલદાર ધ્વારા હાલના આરોપી વિરૂધ્ધ ઉપરોકત નંબરથી અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

### (૨) ન્યાયિક કાર્યવાહી :–

આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં આરોપી સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ તથા વોરંટ વારંવાર ઈશ્યુ કરવામાં આવેલ છે તેમ છતા આરોપી હાલના કેસમા હાજર રહેતા ના હોય ન્યાયના હીતમાં નામ. કોર્ટ ધ્વારા સદર કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમા ચલાવવાનો હુકમ કરેલ અને ત્યાર બાદ ફરીયાદ પક્ષનો નો પુરાવો લેવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

## -: <u>મૌખિક પુરાવો</u> :-

| અનુ.નં. | વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | સોમાભાઈ કરમશીભાઈ પટેલ | ફરીયાદી | ૦૯ |
| ૨ | આશાબેન વા.ઓ.રમેશભાઈ રાણાભાઈ પરમાર | સાહેદ | ૦૭ |
| ૩ | દોલીબેન વા.ઓ.રાણાભાઈ ધુળાભાઈ પરમાર | સાહેદ | ૦૮ |
| ૪ | રમેશભાઈ ભાણજીભાઈ પટેલ | પંચ–સાહેદ | ૧૧ |
| ૫ | હસમુખભાઈ ગોવિંદભાઈ પટેલ | પંચ–સાહેદ | ૧૩ |
| ૬ | સુરેશભાઈ કરમશીભાઈ પટેલ | પંચ–સાહેદ | ૧૪ |
| ૭ | પંકજકુમાર ચંદુભાઈ પટેલ | પંચ–સાહેદ | ૧૬ |
| ૮ | દિપ જગદીશભાઈ પટેલ | સાહેદ | ૧૭ |
| ૯ | અપેક્ષાબેન ડો.ઓ.જગદીશભાઈ મગનભાઈ પટેલ | સાહેદ | ૧૮ |
| ૧૦ | સરલાબેન વા.ઓ.જગદીશભાઈ મગનભાઈ પટેલ | સાહેદ | ૧૯ |
| ૧૧ | પ્રવિણસિંહ દશરથસિંહ રાઠોડ | ત.ક.અ. | ૨૦ |
| ૧૨ | સંજયભાઈ મણીભાઈ પટેલ | સાહેદ | ૨૫ |

## -: <u>દસ્તાવેજી પુરાવો</u> :-

| **અનુ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૦ |
| ૨ | ઈન્કવેસ્ટ પંચનામું | ૧૨ |
| ૩ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું | ૧૫ |
| ૪ | સુચીપત્ર | ૨૧ |
| ૫ | પી.એમ.નોટ | ૨૨ |

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૬ | અકસ્માત રીપોર્ટ ફોર્મ | ૨૩ |
| ૭ | અકસ્માત રીપોર્ટ ફોમ | ૨૪ |
| ૮ | સુચીપત્ર | ૨૧ |

**(૪)** ત્યારબાદ આ કામે ફરિયાદ પક્ષ ના વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતી કરતા ફરિયાદપક્ષ નો પુરાવો પૂર્ણ થયાનું જાહેર કરવામાં આવેલ. તેમજ હાલનો કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ આરોપીની ગેરહાજરીમા ચલાવવાનો હુકમ થયેલ હોવાથી આરોપીનુ વીશેષનીવેદન નોંધવામાં આવેલ નથી.

**(૫)** ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.ડી.પટેલની મૌખિક દલીલો સાંભળી અને આરોપી તરફે વિ.વકીલશ્રી રોકાયેલ ના હોય કે આરોપી હાજર રહેતા ના હોય દલીલો સાં ભળવામા આવેલ નથી.

**–::મુદાઓ::–**

| | |
|---|---|
| **(૧)** | શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૩/૦૯/૨૦૨૦ ના રોજ કલાક.૦૯/૦૦ વાગે બાયડ થી ધનસુરા જતા હાઈવે રોડ ઉપર મોજે ખેડા ગામની સીમમાં પોતાના કબ્જાની ટ્રક કન્ટેઈનર નંબર એચ.આર.૬૬.બી.૭૭૦૪ ની પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતેથી હંકારી રોક ઉપર હીરો હોન્ડા મોટર સા.નં જી.જે.૯.એ.ઈ.૨૫ ને પાછળથી ટક્કર મારતા મો.સા. ચાલક જગદીશભાઈ મગનભાઈ પટેલ ઉ.વ.૫૧ નાઓને શરીરે ગંભીર ઈજાઓ કરતા સારવાર દરમ્યાન મોત નીપજેલ તેમજ ચાલતા જતા સાહેદ આશાબેન રમેશભાઈ પરમાર તથા સાહેદ દોલીબેન બચુભાઈ પરમારનાઓને અડફેટમા લઈ શરીરે ઓછાવત્તી ઈજાઓ કરી ગુન્હો કરી પોતામી ટ્રક કન્ટેઈનર મુકી નાસી ગયેલ જે તપાસ દરમ્યાન મળી આવી પકડાઈ ગુન્હો કરેલ,**ભારતીય ફોજદારી ધારાની કલમ– ૨૭૯,૩૦૪(અ),૩૩૭ તથા મો. વિ. એકટની કલમ– ૧૭૭,૧૮૪,૧ ૩૪(બી),** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે? |

| | |
|---|---|
| (૨) | શું હુકમ ? |

(૬) ઉપરોકત મુદાઓના પરત્વે મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં.** |
| (૨) | આખરી હુકમ મુજબ |

**-::કારણો::-**

**મુદા નંબર :- ૧**

**મુદ્દાનંબર-૧ અંગે :-**

(૭) મુદ્દા નં.૧ અન્વયે પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે આરોપી સામે ભારતીય દંડ સહિતાની કલમ-ભારતીય ફોજદારી ધારાની કલમ- ૨૭૯,૩૦૪(અ),૩૩૭ મો. વિ. એકટની કલમ- ૧૭૭,૧૮૪,૧૩૪(બી), મુજબના ગુન્હાનો આક્ષેપ છે. જે જોતા સામાન્ય રીતે ફોજદારી કાયદાની પ્રસ્થાપીત સીધ્ધાતોને ઘ્યાને લેતા ફરીયાદીને તેઓનો કેસ BEYOND RESONABLE DOUBT તે એટલે કે વાજબી શંકાથી પર સાબીત કરવાની હોય છે. અને જો તે સંજોગોમાં ફરીયાદી તેઓનો કેસ પુરવાર કરવામાં નીષ્ફળ જાય તો તેવા સંજોગોમા શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર છે તે લક્ષમાં લેવુ જોઈએ. હાલના કામે કેસની હકીકત અને સંજોગો તેમજ ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો લક્ષમાં લઈ આરોપી વિરુધ્ધ ઉપરોકત તહોમતનામાંમા જણાવેલ ગુન્હાના તત્ત્વો પૈકીનું કોઈ તત્ત્વ પુરવાર થાય છે કે કેમ ? તે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરીને આ કેસનો નિર્ણય કરવાનો રહે છે.

(૮) ફરિયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરતા આ કામે આંક-૧૭ થી ફરીયાદી સોમાભાઈ કરમશીભાઈ પટેલની જુબાની થયેલ છે. બનાવ વાળો બનાવ તા.૦૩/૦૯/૨૦૨૦ ના રોજ હિરાપુર કંપા ગામના બસ સ્ટેશન પાસે સવારના આશરે ૯ વાગે બનેલો.બનાવ બન્યો તે સમયે હુ મારા ઘરે હતો અને ફોન

આવવાથી મને બનાવની જાણ થયેલ.મને જાણવા મળેલ કે મારા કાકાના દિકરા જગદીશભાઈ મગનભાઈ પટેલ તેમની મો.સા.લઈને ખેડા ગામે મજુર લેવા માટે ગયેલ હતાગ તે સમયે ધનસુરા બાયડ રોડ ઉપર ઉજળેશ્વર કોલેઝ આગળ જગદીશભાઈની મો.સા.ને ટ્રક ટ્રેઈલર થી અકસ્માત થયેલ.અકસ્માત થતા અમો કુટુંબના માણસો બનાવ સ્થળે ગયેલા.બનાવ સ્થળે જઈ જાણવા મળેલ કે જગદીશભાઈને વાત્રક હોસ્પિટલમાં લઈ ગયેલ છે.અકસ્માત કરનાર ટ્રક ટ્રેઈલર તથા નંબર મને ખબર નથી.અમસ્માત થયો તે મો.સા.નો નંબર જી.જે.૯.એઈ.૨૫ હતો.મો.સા.ને બનાવસ્થળે જોતા નુકશાન થયેલ હતુ.ટ્રક ને આગળના ભાગે બમ્પરના ભાગે નુકશાન થયેલ હતુ.અમો બનાવ સ્થળે થી સીધા દવાખાને ગયેલા.દવાખાને જતા જાણવા મળેલ કે જગદીશભાઈ અવસાન પામેલ છે.જગદીશભાઈની લાશને જોતા શરીરે ઈજાઓ થયેલ હતી.આ અકસ્માતથી બીજા કોઈને ઈજા થયેલ કે કેમ તેની મને ખબર નથી.અમોને બનાવ બાબતે જાણવા મળેલ કે જગદીશભાાઈ મોસા લઈને આવતા હતા ત્યારે ટ્રક ચાલકે પાછળથી મો.સા.ને ટકકર મારી અકસ્માત કરેલ છે.બનાવ અંગેની મે ફરિયાદ આપેલી મને ફરિયાદ બતાવવામાં આવે છે જેમાં ફરિયાદી તરીકે કરેલ સહી મારી છે જે જોઈને ઓળખી બતાવુ છુ ફરિયાદ રજુ દા.આં.૧૦. આપવામાં આવે છે.અકસ્માત કરનાર ટ્રક ડ્રાઈવાર બાબતે મને કંઈજ જાણવા મળેલ નહી. સદર કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ ચાલેલ હોવાથી સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

(૯) ફરિયાદ પક્ષે આ કામે આંક–૦૭ થી સાહેદ આશાબેન વા.ઓ.રમેશભાઈ રાણાભાઈ પરમારની જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, મે ધોરણ–૧ સુધીનો અભ્યાસ કરેલ છે.ફરિયાદ વાળો બનાવ આજથી આશરે ૫ વરસ અગાઉ હિરાપુર કંપા ગામના બસ સ્ટેશન પાસે સવારના આશરે ૮–૯ વાગે બનેલો.બનાવના દિવસે જગદીશભાઈ મગનભાઈ પટેલ તેમની મો.સા.લઈને મને તથા મારી સાસુ દોલીબેનને ખેત મજુરી માટે બોલાવા આવેલ.જગદીશભાઈએ અમોને મજુરી આવવાનુ કહી મો.સા.લઈને આગળ જતા હતા હુ તથા મારા સાસુ બંને ચાલતા જતા હતા તે સમયે બાયડ તરફથી એક ટ્રક આવતી હતી અને તેની પાછળ એક ટ્રક–કન્ટેનર ઝડપથી આવી આગળ જતી ગાડીને અકસ્માત કરતા જગદીશભાઈની મો.સા.ને અડફેડમાં લઈ લેતા જગદીશભાઈ મો.સા.સાથૈ રોડ ઉપર પડેલા મને તથા મારી સાસુને ટ્રક–કન્ટેનરએ અડફેટમાં લઈ શરીરે ઈજાઓ કરેલી.મારા બંને પગે ફ્રેકચર થયેલ તથા મારા સાસુને હાથે ઈજાઓ થયેલી.જગદીશભાઈ અકસ્માતથી થયેલ

ઈજાઓના કારણે અવસાન પામેલા.મને તથા મારી સાસુને વાત્રક હોસ્પિટલમાં સારવાર સારૂ લઇ જવામાં આવેલા.મો.સા.નો નંબર–૨૫ હતો નંબરના આગળની સીરીઝ મને ખબર નથી.ટ્રક–કન્ટેનર નો નંબર મને ખબર નથી.પોલીસે મારો જવાબ લીધેલો.સદર કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ ચાલેલ હોવાથી સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

(૧૦) ફરિયાદ પક્ષે આ કામે આંક–૦૮ થી સાહેદ દોલીબેન વા.ઓ.રાણાભાઈ ધુળાભાઈ પરમારની જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, મને લખતા–વાંચતા આવળતુ નથી.ફરિયાદ વાળો બનાવ આજથી આશરે ૫ વરસ અગાઉ હિરાપુર કંપા ગામના બસ સ્ટેશન પાસે સવારના આશરે ૯–૧૦ વાગે બનેલો.બનાવના દિવસે જગદીશભાઈ મગનભાઇ પટેલ તેમની મો.સા.લઇને મને તથા મારા દિકરાની વહુ આશાબેનને ખેત મજુરી માટે બોલાવા આવેલ.જગદીશભાઇએ અમોને મજુરી આવવાનુ કહી મો.સા.લઇને આગળ જતા હતા હુ તથા મારા દિકરાની વહુ બંને ચાલતા જતા હતા તે સમયે બાયડ તરફથી એક મોટી ગાડી આવી જગદીશભાઈની મો.સા.ને અડફેડમાં લઈ લેતા જગદીશભાઈ મો.સા.સાથૈ રોડ ઉપર પડેલા મને તથા મારા દિકરાની વહુને ટ્રક–કન્ટેનરએ અડફેટમાં લઈ શરીરે ઈજાઓ કરેલી.મારા દિકરાની વહુને બંને પગે ફ્રેકચર થયેલ તથા મને હાથે ઈજાઓ થયેલી.જગદીશભાઈ અકસ્માતથી થયેલ ઈજાઓના કારણે અવસાન પામેલા.મને તથા મારી દિકરાની વહુને વાત્રક હોસ્પિટલમાં સારવાર સારૂ લઈ જવામાં આવેલા .મો.સા.તથા અકસ્માત કરનાર મોટ ગાડીનો નંબર મને ખબર નથી.પોલીસે મારો જવાબ લીધેલો.સદર કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ ચાલેલ હોવાથી સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

(૧૧) ફરિયાદ પક્ષે આ કામે આંક–૧૧ થી પંચ સાહેદ રમેશભાઈ ભાણજીભાઈ પટેલની જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, તા.૦૩/૦૯/૨૦૨૦ ના રોજ ધનસુરા થી બાયડ જતા રોડ ઉપર હીરાપુર સ્ટેશનથી થોડેક દુર મારા કાકાના દિકરા જગદીશભાઈને અકસ્માત થયેલ.અકસ્માતના કારણે થયેલ ઈજાઓના કારણે જગદીશભાઈ અવસાન પામેલ.જગદીશભાઈની લાશનુ પંચનામુ કરવા પોલીસે મને વાત્રક હોસ્પિટલે બોલાવેલ.વાત્રક હોસ્પિટલના પી.એમ.રૂમ માં જગદીશભાઈની લાશ મુકેલ હતી.તેમના શરીરે જોતા ઈજાઓ થયેલ હતી.પોલીસે જગદીશભાઈની લાશનુ પંચનામુ લખી તેમાં મારી સહીઓ લીધેલી.મને ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે જેમા પંચ નંબર–૧ તરીકે

કરેલ સહીઓ મારી છે જે જોઇને ઓળખી બતાવુ છુ જે પંચનામુ રજુ દા.આં.૧૨. આપવામાં આવે છે.સદર કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ ચાલેલ હોવાથી સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

(૧૨) ફરિયાદ પક્ષે આ કામે આંક–૧૩ થી પંચ સાહેદ હસમુખભાઈ ગોવિંદભાઈ પટેલની જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, તા.૦૩/૦૯/૨૦૨૦ ના રોજ માર ગામના જગદીશભાઇને અકસ્માત થયેલ.અકસ્માતના કારણે થયેલ ઈજાઓના કારણે જગદીશભાઈ અવસાન પામેલ.જગદીશભાઈની લાશનુ પંચનામુ કરવા પોલીસે મને વાત્રક હોસ્પિટલે બોલાવેલ.વાત્રક હોસ્પિટલના પી.એમ.રૂમ માં જગદીશભાઈની લાશ મુકેલ હતી.તેમના શરીરે જોતા ઈજાઓ થયેલ હતી.પોલીસે જગદીશભાઇની લાશનુ પંચનામુ લખી તેમાં મારી સહીઓ લીધેલી.મને આંક.૧૨. થી રજુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવવામાં આવે છે જેમા પંચ નંબર–૨ તરીકે કરેલ સહીઓ મારી છે જે જોઇને ઓળખી બતાવુ છુ.સદર કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ ચાલેલ હોવાથી સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

(૧૩) ફરિયાદ પક્ષે આ કામે આંક–૧૪ થી પંચ સાહેદ સુરેશભાઈ કરમશીભાઈ પટેલની જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, તા.૦૩/૦૯/૨૦૨૦ ના રોજ ધનસુરા થી બાયડ જતા રોડ ઉપર હીરાપુર સ્ટેશનથી થોડેક દુર પંચ તરીકે બોલાવેલ.સદર જગ્યાએ અકસ્માત થયેલ હતો.બનાવ વાળી જગ્યાએ જઇને જોતા એક ટ્રક તથા બાઇક અકસ્માત થયેલ હાલતમાં પડેલ હતુ.બાઇક ને જોતા બાઇકનુ સ્ટેરીંગ વળી ગયેલ હતુ તથા બમ્પર તુટી ગયેલ હતુ તથા લાઇટનો કાચ તુટેલ હતો અને પડખે ઘસરકા પડેલા હતા.ટ્રકને જોતા ટ્રકનુ આગળનુ બમ્પર ડ્રાઈવર સાઇડનુ ટ્રકની અંદરની બાજુ દબાઈ ગયેલ હતુ.બનાવવાળી જગ્યાથી થોડેક દુર રોડ ઉપર એક બમ્પ આવેલ હતો તથા નજીકમાં એક શાળા આવેલ હતી.અકસ્માત થયેલ બંને વાહનોના નંબર મને ખબર નથી.ટ્રક હરીયાણા પાસીંગ ની હતી.અકસ્માત વાળુ બાઈક જગદીશભાઈ મગનભાઈ પટેલનુ હતુ.પોલીસે ગુનાવાળી જગ્યા તથા વાહનોનુ પંચનામુ લખી મારી પંચનામામાં સહી લીધેલી માને ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમા પંચ નંબર–૧ તરીકે કરેલ સહીઓ મારી છે જે જોઇને ઓળખી બતાવુ છુ જે પંચનામુ રજુ દા.આં.૧૫. આપવામાં આવે છે.સદર કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ ચાલેલ હોવાથી સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

**(૧૪)** ફરિયાદ પક્ષે આ કામે આંક–૧૬ થી પંચ સાહેદ પંકજકુમાર ચંદુભાઈ પટેલની જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, તા.૦૩/૦૯/૨૦૨૦ ના રોજ ધનસુરા થી બાયડ જતા રોડ ઉપર હીરાપુર સ્ટેશનથી થોડેક દુર સ્કુલ આગળ પંચ તરીકે બોલાવેલ.સદર જગ્યાએ અકસ્માત થયેલ હતો.બનાવ વાળી જગ્યાએ જઈને જોતા એક ટ્રક તથા બાઈક અકસ્માત થયેલ હાલતમાં પડેલ હતુ.બાઈક ને જોતા બાઈકનુ સ્ટેરીંગ વળી ગયેલ હતુ તથા બમ્પર તુટી ગયેલ હતુ તથા લાઈટનો કાચ તુટેલ હતો અને પડખે ઘસરકા પડેલા હતા.ટ્રકને જોતા ટ્રકનુ આગળનુ બમ્પર ડ્રાઈવર સાઈડનુ ટ્રકની અંદરની બાજુ દબાઈ ગયેલ હતુ.બનાવવાળી જગ્યાથી થોડેક દુર રોડ ઉપર એક બમ્પ આવેલ હતો તથા નજીકમાં એક શાળા આવેલ હતી.અકસ્માત થયેલ ટ્રક નો નંબર મને ખબર નથી.અકસ્માત થયેલ મો.સા.નો નંબર જી.જે.૯.એઈ.૨૫ નો હતો.અકસ્માત વાળુ બાઈક જગદીશભાઈ મગનભાઈ પટેલનુ હતુ.પોલીસે ગુનાવાળી જગ્યા તથા વાહનોનુ પંચનામુ લખી મારી પંચનામામાં સહી લીધેલી મને આંક.૧૫. થી રજુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમા પંચ નંબર–૨ તરીકે કરેલ સહીઓ મારી છે જે જોઈને ઓળખી બતાવુ છુ.સદર કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ ચાલેલ હોવાથી સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

**(૧૫)** ફરિયાદ પક્ષે આ કામે આંક–૧૭ થી સાહેદ દિપ જગદીશભાઈ પટેલની જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, અમો ૨ ભાઈ બહેન છીએ.મારી માતાનુ નામ સરલાબેન છે. ફરિયાદ વાળો બનાવ તા.૦૩/૦૯/૨૦૨૦ ના રોજ હિરાપુર કંપા ગામના બસ સ્ટેશન પાસે સવારના આશરે ૯ વાગે બનેલો.બનાવ બન્યો તે સમયે હુ મારા ઘરે હતો અને ફોન આવવાથી મને બનાવની જાણ થયેલ.મને જાણવા મળેલ કે મારા પપ્પા જગદીશભાઈ મગનભાઈ પટેલ તેમની મો.સા.લઈને ખેડા ગામે મજુર લેવા માટે ગયેલ હતા તે સમયે ધનસુરા બાયડ રોડ ઉપર ઉજળેશ્વર કોલેઝ આગળ તેમની મો.સા.ને પાછળથી ટ્રકએ ટકકર મારતા અકસ્માત થયેલ.અકસ્માત થતા હુ તથા મારા કુટુંબના માણસો બનાવ સ્થળે ગયેલા બનાવ સ્થળે જાણવા મળેલ કે મારા પપ્પાને વાત્રક હોસ્પિટલમાં લઈ ગયેલ છે.અકસ્માત કરનાર ટ્રક ટ્રેઈલર તથા નંબર એચ.આર.થી શરૂ થતો હતો આખો નંબર મને ખબર નથી.અમસ્માત થયો તે મો.સા.નો નંબર જી.જે.૯.એઈ.૨૫ હતો.અકસ્માત થવાથી બંને વાહનોને નુકશાન થયેલ હતુ.અકસ્માત થી થયેલ ઈજાઓના કારણે મારા પપ્પા અવસાન પામેલા.અકસ્માત કરનાર ટ્રકના ચાલક ના નામે બાબતે મને પાછળથી પણ કંઈજ

જાણવા મળેલ નહી.મારા મોટા પપ્પા સોમાભાઇએ ફરિયાદ આપેલી.પોલીસે મારૂ નિવેદન લીધેલુ.સદર કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ ચાલેલ હોવાથી સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

(૧૬) ફરિયાદ પક્ષે આ કામે આંક–૧૮ થી સાહેદ અપેક્ષાબેન ડો.ઓ.જગદીશભાઈ મગનભાઈ પટેલની જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, અમો ૨ ભાઈ બહેન છીએ.મારી માતાનુ નામ સરલાબેન છે. ફરિયાદ વાળો બનાવ તા.૦૩/૦૯/૨૦૨૦ ના રોજ હિરાપુર કંપા ગામના બસ સ્ટેશન પાસે સવારના આશરે ૯ વાગે બનેલો.બનાવ બન્યો તે સમયે હુ મારા ઘરે હતી અને ફોન આવવાથી મને બનાવની જાણ થયેલ.મને જાણવા મળેલ કે મારા પપ્પા જગદીશભાઈ મગનભાઈ પટેલ તેમની મો.સા.લઈને ખેડા ગામે મજુર લેવા માટે ગયેલ હતાગ તે સમયે ધનસુરા બાયડ રોડ ઉપર ઉજળેશ્વર કોલેઝ આગળ તેમની મો.સા.ને ટ્રક ટ્રેઈલર થી અકસ્માત થયેલ.અકસ્માત થતા મારા કુટુંબના માણસો બનાવ સ્થળે ગયેલા જાણવા મળેલ કે મારા પપ્પાને વાત્રક હોસ્પિટલમાં લઈ ગયેલ છે.અકસ્માત કરનાર ટ્રક ટ્રેઈલર તથા નંબર મને ખબર નથી.અમસ્માત થયો તે મો.સા.નો નંબર ૨૫ હતો, આગળની સીરીઝ મને ખબર નથી. હુ બનાવ સ્થળે ગયેલ નથી.અકસ્માત થી થયેલ ઈજાઓના કારણે મારા પપ્પા અવસાન પામેલા.અકસ્માત કરનાર ટ્રકના ચાલક ના નામે બાબતે મને પાછળથી પણ કંઈજ જાણવા મળેલ નહી.મારા મોટા પપ્પા સોમાભાઈએ ફરિયાદ આપેલી.પોલીસે મારૂ નિવેદન લીધેલુ.સદર કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ ચાલેલ હોવાથી સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

(૧૭) ફરિયાદ પક્ષે આ કામે આંક–૧૯ થી સાહેદ સરલાબેન વા.ઓ.જગદીશભાઈ મગનભાઈ પટેલની જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, મારે સંતાનમાં ૧ દિકરો અને ૧ દિકરી છે. ફરિયાદ વાળો બનાવ તા.૦૩/૦૯/૨૦૨૦ ના રોજ હિરાપુર કંપા ગામના બસ સ્ટેશન પાસે સવારના આશરે ૯ વાગે બનેલો.બનાવ બન્યો તે સમયે હુ મારા ઘરે હતી અને ફોન આવવાથી મને બનાવની જાણ થયેલ.મને જાણવા મળેલ કે મારા પતિ જગદીશભાઈ મગનભાઈ પટેલ તેમની મો.સા.લઈને ખેડા ગામે મજુર લેવા માટે ગયેલ હતા તે સમયે ધનસુરા બાયડ રોડ ઉપર ઉજળેશ્વર કોલેઝ આગળ તેમની મો.સા.ને ટ્રક ટ્રેઈલર થી અકસ્માત થયેલ.અકસ્માત થતા મારા કુટુંબના માણસો બનાવ સ્થળે ગયેલા જાણવા

મળેલ કે મારા પતિને વાત્રક હોસ્પિટલમાં લઈ ગયેલ છે.અકસ્માત કરનાર ટ્રક ટ્રેઈલર તથા નંબર મને ખબર નથી.અમસ્માત થયો તે મો.સા.નો નંબર મને ખબર નથી. હુ બનાવ સ્થળે ગયેલ નથી.અકસ્માત થી થયેલ ઈજાઓના કારણે મારા પતિ અવસાન પામેલા.અકસ્માત કરનાર ટ્રકના ચાલક ના નામે બાબતે મને પાછળથી પણ કંઈજ જાણવા મળેલ નહી.મારા મોટા જેઠ સોમાભાઇએ ફરિયાદ આપેલી.પોલીસે મારૂ નિવેદન લીધેલુ .સદર કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ ચાલેલ હોવાથી સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

(૧૮) ફરિયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર પ્રવિણસિંહ દશરથસિંહ રાઠોડ આ કામે આંક–૨૦ થી જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, હુ સને ૨૦૨૦ ના વરસમાં ધનસુરા પોલીસ સ્ટેશને પી.એસ.આઇ તરીકે ફરજ બજાવતો હતો. તા.૦૩/૦૯/૨૦૨૦ ના રોજ ફરીયાદી સોમાભાઈ પટેલ ધ્વારા ધનસુરા પોલિસ સ્ટેશને ટ્રક કન્ટેનર અને હિરો હોન્ડા મો.સા.વચ્ચે અકસ્માત થતા જગદીશભાઇનુ મોત થયા અંગેની તથા સાહેદોને ઈજા થયેલ હોવાની ફરીયાદ આપતા પી.એસ.ઓ.એ.એસ.આઇ.ચંદુજી બદાજી દ્વારા ગુન્હો રજી.કરી સુચીપત્ર તૈયાર કરી આ ગુનાના પેપર્સ આગળની તપાસ માટે મને સોપેલા.મને સુચીપત્ર બતાવવામાં આવે છે જેમાં પી.એસ.ઓ તરીકે ચંદુજી બદાજીની સહિ છે જે જોઇને ઓળખી બતાવુ છુ સુચિપત્ર રજુ દા.આં.૨૧. આપવામાં આવે છે.તપાસના કામે ગુન્હાવાળી જગ્યા તે હીરાપુર ચિલ્લા ગામ નજીક ઉજળેશ્વર આર્દશ વિધ્યા વિહાર હાઇસ્કુલ પાસેથી પસાર થતા ધનસુરા હાઇવે રોડ ઉપર ગુન્હાવાળી જગ્યાએ જઇ ૨ પંચના માણસો બોલાવી પંચોની હાજરીમાં ગુન્હાવાળી જગ્યા તથા અકસ્માતમાં સંડોવાયેલ મો.સા.નં.જી.જે.૦.૯.એઈ.૨૫ તથા ટ્રક કન્ટેનર નં.એચ.આર.૬૬બી.૭૭૦૪ ને થયેલ નુકશાન અંગેનુ પંચનામુ કરેલ મને આંક–૧૫ થી રજુ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચોની તથઆ રૂબરૂ તરીકે મારી સહીઓ છે જે જોઇને ઓળખી બતાવુ છુ.તપાસના કામે મે અકસ્માતમાં ઈજા પામનાર ડોલીબેન અને આશાબેનના નિવેદનો લીધેલા.તેઓએ મારી રૂબરૂના નિવેદનામાં ટ્રક કન્ટેનર ચાલકે પોતાનુ વાહન પુરઝડપે બેદરકારી રીતે ચલાવી જગદિશભાઈની મો.સા.ને અડફેટમાં લઇ તથા તેઓને પણ અકસ્માતથી ઈજાઓ કર્યા અંગેની હકીકતો લખાવેલ.મે આ અંગે મળી આવેલ સાહેદોના નિવેદનો લીધેલા.અકસ્માતમાં અવસાન પામનાર જગદીશભાઈની પી.એમ.નોટ મેળવી તપાસના કામે સામેલ રાખેલા જે અસલ આજરોજ મને બતાવવામાં આવે છે જે તપાસ સમયે મેળવેલ તેજ છે જે રજુ

દા.આં.૨૨. આપવામાં આવે છે..અકસ્માતમાં સંડોવાયેલ બંને વાહનોના આર.ટી.ઓ.ઓફીસર મારફતે તપાસ કરાવડાવી તેઓને આપેલ અકસ્માત રીપોર્ટ ફોર્મ કેસના કામે સામેલ રાખેલ.મને અસલ અકસ્માત રીપોર્ટ બતાવવામાં આવે છે જે મો.સા.નં.જી.જે.૦.૯.એઇ.૨૫ તથા ટ્રક કન્ટેનર નં.એચ.આર.૬૬બી૭૭૦૪ના છે જે અનુક્રમે રજુ દા.આં.૨૩. અને આં.૨૪. આપવામાં આવે છે.તપાસના કામે મે આરોપી કુશલસિંગ ઉર્ફે કુશલકુમાર સ.ઓ.વિશણદાસ ગુપ્તાનાઓને અટક કરેલ.મારી ધનસુરા પોલીસ સ્ટેશનેથી બદલી થતા આગળની તપાસ ધનસુરા પો.સ્ટે.ના પી.એસ.આઇ.શ્રી.બી.એસ.ચૌહાણનાઓએ સંભાળેલ અને તેઓએ નામ.કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે.આરોપીને જોયે ઓળખી શકુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી.સદર કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ ચાલેલ હોવાથી સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

**(૧૯)** ફરિયાદ પક્ષે આ કામે આંક–૨૫ થી સાહેદ સંજયભાઈ મણીભાઈ પટેલની જુબાની થયેલ છે. જેમાં તેઓ જણાવે છે કે, ફરિયાદ વાળો બનાવ આજથી આશરે ૫ વરસ અગાઉ હિરાપુર કંપા ગામના બસ સ્ટેશન પાસે સવારના આશરે ૮–૯ વાગે બનેલો.સદર અકસ્માતમાં મરણ પામનાર જગદીશભાઇ મારા કાકા થાય છે.બનાવના દિવસે જગદીશભાઇ મગનભાઇ પટેલ તેમની મો.સા.લઇને આશાબેનને તથા તેમની સાસુ દોલીબેનને ખેત મજુરી માટે બોલાવા આવેલ.જગદીશભાઇ મો.સા.લઇને જતા હતા તે સમયે બાયડ તરફથી એક ટ્રક આવતી હતી અને તેની પાછળ એક ટ્રક–કન્ટેનર ઝડપથી આવી આગળ જતી ગાડીને અકસ્માત કરતા જગદીશભાઇની મો.સા.ને અડફેડમાં લઇ લેતા જગદીશભાઇ મો.સા.સાથૈ રોડ ઉપર પડેલા અને ટ્રક–કન્ટેનરએ અડફેટમાં લઇ શરીરે ઈજાઓ કરેલી.મારા કાકા જગદીશભાઇ અકસ્માતથી થયેલ ઈજાઓના કારણે અવસાન પામેલા.અકસ્માત થનાર વાહન મો.સા. તથા ટ્રક–કન્ટેનર નો નંબર મને ખબર નથી.સદર કેસ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ મુજબ ચાલેલ હોવાથી સાહેદની ઉલટતપાસ થયેલ નથી.

**(૨૦)** આમ, ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદોએ આપેલ મૌખિક પુરાવો તેમજ રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો આ કામે બનાવ સમયે આરોપી ગફલતભરી રીતે અને બેદરકારીથી વાહન હંકારી લાવી ફરીયાદીની મોટરસાયકલને પાછળથી ટકકર મારી મોટર સાયકલ ચાલક જગદીશભાઈ મગનભાઈ પટેલ

નાઓને શરીરે ગંભીર ઈજાઓ કરતા સારવાર દરમ્યાન મોત નીપજેલ તેમજ ચાલત ાજતા સાહેદ આશાબેન રમેશભાઈ પરમાર તથા સાહેદ દોલીબેન બચુભાઈ પરમારને અડફેટમા લઈ શરીરે ઓછાવત્તી કરેલ હોવાની હકીકત છે. પરંતુ તમામ સાહેદો એ બનાવ સમયે અકસ્માત કરનાર આરોપીને જોયેલ ન હોવાનું જણાવેલ છે. ફરિયાદ પક્ષની હકીકતોને સમર્થન કરેલ નથી. આ કામે તપાસવામા આવેલ બનાવમા ઈજા પામનાર સાહેદ આશાબેન રમેશભાઈ પરમાર નાઓને આંક– ૭ થી તપાસવામા આવેલ છે તેઓએ બનાવની હકીકત સમર્થન આપવા પ્રયતન કરેલ છે પરંતુ તેમની જુબાનીમા જણાવેલ છે કે અકસ્માત કરનાર વાહનનો નંબર મને ખબર નથી. તથા અકસ્માતમા કોની બેદરકારી હતી તેવી કોઈ હકીકત કે આરોપી કોણ હતુ તેવી કોઈ હકીકત તેમને સરતપાસમા જણાવેલ નથી. તેજ રીતે અન્ય ઈજા પામનાર સાહેદ દોલીબેન રાણાભાઈ ધુળાભાઈ પરમારને આંક– ૮ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાનીમા પણ તેઓએ અકસ્માત કરનાર વાહનનો નંબર કે અકસ્માત સમયે ટ્રક ગાડી કોણ ચલાવતુ તે બાબતે કોઈ હકીકત જણાવેલ નથી. વધુમા આ કામે આંક– ૯ થી મુળ ફરીયાદી સોમાભાઈ કરમશીભાઈ પટેલ ને તપાસવામા આવેલ છે તેઓએ પોતાની જુબાનીમા આંક– ૧૦ વાળી ફરીયાદમા તેમની સહી ઓળખી બતાવેલ છે પરંતુ ફરીયાદ હકીકતને સમર્થન રુપ પુરાવો સરતપાસમા રજુ કરેલ નથી તેમની સરતપાસ મા જણાવેલ છે કે અકસ્માત કરનાર ટ્રક ના ડ્રાયવર કોણ હતા તેની મને ખબર નથી આમ આ સાહેદની સરતપાસમા અકસ્માત કરનાર ડ્રાયવર કે વાહન અંગે કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. આમ, આ કામે સાહેદોએ પોતાની જુબાનીમા જે હકીકતો જણાવતા હોઈ, અકસ્માત માટે આ કામના આરોપી જ કોઈ ગુનાહિત રીતે જવાબદાર હોય તેવુ ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલા પુરાવાથી નિ:શંકપણે માની શકાય તેમ નથી. જેથી આ કામે એકમાત્ર ત.ક. અમલદારની જુબાની ઉપર આધાર રાખવાનું ન્યાયોચિત જણાતું નથી. આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ સાહેદોના મૌખિક પુરાવાના આધારે આરોપીને ગુન્હામાં સંડોવી શકાય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. સદર કામે તપાસવામા આવેલ પંચ સાહેદોની

જુબાનીથી પણ પંચનામાને સમર્થન પ્રાપ્ત થયેલ જણાતુ નથી. જયારે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરિયાદી પક્ષના સાહેદોએ તેમના પુરાવામાં અકસ્માત કરનાર વાહનના ચાલકને જોયેલ નહીં હોવાની હકીકત જણાવેલ છે અને અકસ્માત કરનાર વાહનચાલકને જોઈ શકેલ નથી. તેવા સંજોગોમાં માત્ર પંચનામાઓ તથા મેડીકલ સર્ટી.ના આધારે આરોપીને ગુન્હામાં તકસીરવાર ઠરાવી શકાય નહિ.

**(૨૧)** આથી ઉપરોકત તમામ ચર્ચાઓ તથા સમગ્ર ફરિયાદ પક્ષના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો જયારે ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપી ધ્વારા પોતાના કબજાનું વાહન ગફલતભરી રીતે અને બેદરકારીથી વાહન હંકારી લાવી ફરીયાદીની મોટરસાયકલને પાછળથી ટકકર મારી મોટર સાયકલ ચાલક જગદીશભાઈ મગનભાઈ પટેલ નાઓને શરીરે ગં ભીર ઈજાઓ કરતા સારવાર દરમ્યાન મોત નીપજેલ તેમજ ચાલત ।જતા સાહેદ આશાબેન રમેશભાઈ પરમાર તથા સાહેદ દોલીબેન બચુભાઈ પરમારને અડફેટમા લઈ શરીરે ઓછાવત્તી કરેલ હોવાની હકીકત છ તેમજ અકસ્માત કરનાર વાહનના ચાલકની ઓળખ થયેલ નથી, તે તમામ સંજોગોમાં રેકર્ડે ફરિયાદમાં આક્ષેપિત બનાવ તેમજ ફરિયાદની ચોકકસ અને તટસ્થ રીતે તપાસ થયેલ હોવાની હકીકત પણ શંકાસ્પદ જણાય છે. વધુમાં સમગ્ર પુરાવાથી એવુ સ્પષ્ટ થાય છે કે અકસ્માત બન્યો જેના નજરે જોનાર સાહેદ હાલના આંક–૭ અને આં ક–૮ ના સાહેદો ધ્વારા આરોપીની ઓળખ કે વાહનની ગતી અને વાહનના નંબર વીશે કોઈ જાણકારી કે હકીકત જણાવેલ નથી જેથી બનાવ સમયે હાલના આરોપી વાહન ચલાવતા હતા તે પણ સ્પષ્ટ થતુ નથી.

(૨૨) વધુમાં **Section** 279 **in the india penal code** :–

Rash driving or riding on a public way – whoever drives any vehicle or rides on any public way in a manner so rash or negligent as endanger human life or to be likely to cause hurt or injury to any other person shall be punished with imprisonment of either description for a term which extend to

six months or with fine which may extend to one thousand rupees or with both.

ફોજદારી કાર્યવાહીમા ન્યાયી નિર્ણય કરતી વખતે એ ધ્યાનમા રાખવુ ખાસ જરૂરી છે કે, આરોપી સામે આક્ષેપિત ઈ.પી.કો.કલમ–૨૭૯ નો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે નીચે મુજબના તત્વો પુરવાર કરવાના રહે છે.

૧. અકસ્માત જાહેર માર્ગ પર બનેલ છે.

૨. આરોપી દ્રારા ચલાવવામા આવેલ વાહન એટલી બધી બેફામ અથવા ઉપેક્ષાયુકત હોવી જોઈએ કે જેથી મનુષ્યના જીવનને તે ભયમા મુકે અથવા તો કોઈ અન્ય વ્યકિતને ઈજા કે નુકશાન કરે તેવી શકયતા ઉપસ્થિત થાય

આમ કલમ–૨૭૯ ના આવશ્યક તત્વો ધ્યાને લેતા આરોપી પોતાના કબજાનુ વાહન ચાલવવામા બેદરકારી દાખવે અથવા બેફામપુર્વક હંકારે અને તે કૃત્ય અથવા કાર્યલોપથી રસ્તે જનાર મનુષ્યની જીદગી જોખમમા મુકાય અને આવા કૃત્ય અને કાર્યલોપથી અન્ય વ્યકિતને વ્યથા પહોચે કે મૃત્યુ થાય તે આરોપીને આવા કૃત્ય બદલ આરોપીએ કોઈ કૃત્ય અવિચારી અથવા બેદરકારી રીતે કર્યુ હોય અને કરાયેલ કૃત્ય જેનાથી માનવજીવન અથવા બીજાની અંગત સલામતી જોખમાઈ અથવા ઈજા ખરેખર કરાઈ હોય આવા કૃત્ય બદલ ઈ.પી.કો. કલમ–૨૭૯,૩૩૮, મુજબના ગુના માટે કસુરવાર ઠેરવી શકાય છે એ રીતે ઉપરોકત કાનુની જોગવાઈઓના હાર્દ અને તેના તત્તો તે લગત ઉચ્ચ અદાલતોના કાનુની ચુકાદાઓમા પ્રસ્થાપિત થયેલ કાનુની સિધ્ધાત ધ્યાને લઈ તેના હાર્દને જોતા એક બાબત નિર્વીવાદપણે સ્પષ્ટ બને છે કે માત્ર અકસ્માત સમયે આરોપી વાહન ચાલવતા હોય કે તે વાહન ઝડપમા ચાલતુ હોય તેટલી જ બાબત આરોપીએ પોતાનુ વાહન બેફામપુર્વક અને બેદરકારીપુર્વક હંકારી ગુનો કરેલ હોવાનુ પુરવાર કરવા માટે પુરતી નથી વધુમા મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત

વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. માત્ર એરર ઓફ જજમેન્ટના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના પુરાવાના અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહી. વધુમાં નામદાર ઓરિસ્સા વડી અદાલતે 'બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૪ ક્રિ.લો.જ. પેજ નં.૩૮૯ માં એમ ઠરાવેલ છે કે,

**(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.** વધુમાં તે ચૂકાદાના પેરા ૫ માં એમ ઠરાવેલ છે કે

**''Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash**

**and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:**

**(i) Rash and negligent driving or riding on a public way.**

**(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.**

To establish either of Sections 279 or 304-A rash and negligent has to be established, but only distinction is that in Section-279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304-A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgment. Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveyes the idea of reckless doing of an act without consideration of any consequences.

**નામ.સવોચ્ચ અદાલતની ફુલ બેન્ચે '' સ્ટેટ ઓફ હરીયાણા વિરુધ્ધ શેરસીંગ '' જે ૨૦૦૯ (૧) ક્રાઈમ્સ પાન નં.૫** ના ચુકાદામા એમ ઠરાવેલ છે કે '' when there was no specific material to show respondent was driving the vehicle at the time the accident took place and the evidence adduced to link the accused to the alleged crime was scanty conviction of respondent for causing death of deceased due to rash and negligent driving could not be sustained.

આ ઉપરાંત કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ઈ.પી. કોડ કલમ–૨૭૯ હેઠળનો ગુનો સાબીત કરવા ફરિયાદ પક્ષ તરફથી ચાલકની ઓળખ પ્રસ્થાપિત થવી અત્તિ મહત્વની છે. જે તે વ્યકિત અકસ્માત સમયે અકસ્માત કરનાર વાહન ચલાવી રહેલો હતો અને તે બેદરકારીભરી રીતે ચલાવી રહયો હતો તેવું પ્રસ્થાપિત થવું જરૂરી છે. પ્રસ્તુત કેસમાં કોઈ સાહેદો સમક્ષ ઓળખપરેડ કરાવવામાં આવેલી હોવાનું રેકર્ડ ઉપર આવતું નથી. આમ, આવા તમામ સંજોગોમાં બનાવ સમયે અને સ્થળે કહેવાતા આરોપી જ કહેવાતા અકસ્માતનું સર્જન કરનાર વાહનના ચાલક હોવાનું કે વાહનની ગતિ અંગેની કે વાહનના ચાલકની બેદરકારી અંગેની કોઈ હકીકતો પુરાવાના અભાવે સ્વિકારી શકાય તેમ નથી.

આમ,ઉપરોકત ચર્ચા ધ્યાને લેતાં બાકી રજુ દસ્તાવેજી કાગળો જોવામાં આવે તો તે પી.એમ.નોટ તથા ઈન્કવેસ્ટ પંચનામા સરકાર પક્ષને મદદરુપ સમર્થન કરતો પુરાવો બનતો નથી. આ કામે તપાસેલ સાહેદોને જયારે વાહનના ડ્રાઈવર વિશે તેઓને કોઈ જ જાતમાહિતી નથી. આમ આ સાથે જયારે અકસ્માત કરનાર ડ્રાઈવર આરોપી જ હતો તેવુ પુરવાર થતુ નથી, જયારે આ કેસની ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ઓળખ સાબીત થતી નથી.જેથી આરોપીએ વાહનનો કબજો ધરાવી તેની બેદરકારીના કારણે અકસ્માત થયાનુ પુરવાર થતુ નથી. તેથી આરોપીને દોષીત માની શકાય નહી અને માત્ર અનુમાન કે ધારણાના આધારે બેદરકારી કે ઓળખ નકકી કરી શકાય નહી. જેથી, કાયદાની જોગવાઈઓ અનુસાર આરોપીને શંકાનો લાભ આપવો વ્યાજબી અને ન્યાયી જણાય છે.આથી, કહેવાતા આરોપીનું વાહન ચલાવવાનું કૃત્ય પુરઝડપે, બેફીકરાઈ થી, બેદરકારીપૂર્વકનું કે મનુષ્યની જીંદગી જોખમાય તે રીતેનું હતું તેવું પુરવાર થતું નથી. આવા તમામ સંજોગોમાં ફરિયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે. તેમજ આ કામે રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં આરોપીની ગેરહાજરીમા સી.આર.પી.સી.કલમ–૨૯૯ હેઠળ પુરાવો નોધવામાં આવેલ છે. તેમજ આ કામે સમગ્ર પુરાવા દરમિયાન પણ ઉપરોકત કરેલ ચર્ચાઓને આધારે આરોપીઓ વિરુધ્ધ તેઓને દોષિત ઠરાવી શકાય તે પ્રકારનો કોઈપણ

પુરાવો ફરીયાદપક્ષે રજુ થયેલ નથી. તે સંજોગોમાં આરોપીઓની સામેનો કેસ પણ ફકત ઔપચારીક કાર્યવાહી પેન્ડીંગ રાખવો વ્યાજબી અને ન્યાયોચિત જણાતો નથી અને તે સંજોગોમાં સી.આર.પી.સી.કલમ–૩૫૩(૬)ની જોગવાઈ વંચાણે લેતા આરોપીની ગેરહાજરીમાં કાર્યવાહી આગળ વધી શકે છે તથા ચુકાદો જાહેર થઈ શકે છે તેવી હકિકત પ્રસ્થાપિત થયેલી હોવાનું ફલીત થાય છે. તે સંજોગોને ધ્યાનમાં લેતા આરોપીની ગેરહાજરીમા ચુકાદો જાહેર કરવો વ્યાજબી અને ન્યાયોચિત હોય તથા ઉપરોકત ચર્ચા મુજબ ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદા નં. ૧નો જવાબ નકારમાં આપી, મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:–:–: આખરી હુકમ :–:–:**

**(૧)** ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે સદર કામના આરોપી : કુશલસીગ ઉર્ફે કુશલકુમાર ભીષણદાસ ગુપ્તા રહે. તેરની ચીગલા કલગ સનેતર તા. રામનગર જી. ઉધમપુર(જમ્મુ)નાઓને ભારતીય ફોજદારી સંહીતાની કલમ – ૨૭૯, ૩૦૪(અ), ૩૩૭ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી), મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદર કેસ આરોપી વીરુધ્ધ સી.આર.પી.સી કલમ– ૨૯૯ મુજબ ચલાવવામાં આવેલ હોવાથી આરોપીના સી.આર.પી.સી. કલમ– ૪૩૭(એ) મુજબ જામીન અંગે હુકમ કરેલ નથી.

હુકમ આજ તારીખ : ૧લી, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.ધનસુરા.
તા. ૦૧/૦૫/૨૦૨૬

(કુ.સબા સૈયદ)
જયુડીશીયલ.મેજી.ફર્સ્ટ.કલાસ.
ધનસુરા. કોડ નં.જી.જે.૦૧૫૭૮